# 7.0 મહિલાઓ સાથે શાળા, કુટુંબ અને સમાજમાં થતા દુર્વ્યવહાર અને તેને અટકાવવા સંબંધિત ઉપાયો

ડૉ.જગદીશભાઈ આર મહિડા

---

⇨ દિનપ્રતિદિત સ્ત્રીઓ પર થતા અત્યાચારોના પ્રમાણમાં વધારો

⇨ સ્ત્રીના હોવાપણા પર થતો પસ્તાવો

⇨ માનવ અધિકારોમાં નક્કી કરેલા વ્યવહારથી ઉતરતી કક્ષાનો વ્યવહાર એટલે દુર્વ્યવહાર (માન ભંગ, અસ્તિત્વને હણી નાખવું, અપમાનિત કરવું) તીવ્ર સ્વરૂપ ધારણ કરે એટલે અત્યાચાર બને.

⇨ શારીરિક/ માનસિક અત્યાચાર(અબોલા લેવા, ટોણા મારવા, ધુત્કારવું, સાધન થકી મારઝૂડ)

⇨ સ્ત્રી તો જન્મ પહેલાંથી અને જન્મ લીધા બાદ પણ તેનો ભોગી બને છે. સતત ભયના ઓથાર નીચે જીવે છે.

✻ શાળા કક્ષાએ થતા દુર્વ્યવહાર:

⇨ બાળકીને નિરક્ષર રાખવી એ પ્રથમ પ્રકારનો દુર્વ્યવહાર છે.(કલમ ૪૫) તેના બંધારણીય હકથી વંચિત.

⇨ શાળામાં ઘણાં બધા કારણોસર તેની સાથે શારીરિક સજા કરવામાં આવતી. અડપલાં—શારીરિક અને માનસિક આઘાત

⇨ ભોળપણનો લાભ- જાતીય શોષણ(પિતા પુત્રી સમાનના સંબંધો કલંકિત )

✻ કુટુંબ કક્ષાએ થતા દુર્વ્યવહાર:

⇨ સમાજમાં તેમના ઉછેર બાબતે ભેદભાવ--- કુપોષણ (એકબાજુ તેને અન્નપૂણાનો દરજ્જો આપવામાં આવીને તેનું થતું અપમાન) સગર્ભા સ્ત્રીઓને પણ પોષણક્ષમ આહારનો અભાવ

⇨ માતૃત્વ સમયે થતાં મહિલા મૃત્યુમાં ભારત બીજા ક્રમે છે. ૪૨% ડીલીવરી ડૉક્ટરની દેખરેખ હેઠળ થાય છે.

⇨ દર વર્ષે ૧.૫ કરોડ જન્મતી છોકરીઓમાં ૦.૫ કરોડ તો પંદરમો દિવસ જોતી નથી. ત્રીજા ભાગની જન્મના પહેલા વર્ષમાં જ મૃત્યુ પામે છે.(મહિલાના સ્વાસ્થ્ય અંગે કુટુંબની બેકાળજી)

✻ સામાજિક કક્ષાએ થતા દુર્વ્યવહાર:

⇨ જાહેર સ્થળે સુરક્ષાનો અભાવ(બસ, રેલવે, જાહેર સ્થળ) દૃષ્ટિમાં વિકૃતિ

⇨ અન્ય વ્યવસાયમાં બળજબરીથી ધકેલવામાં આવે છે.

✻ અટકાવવા સંબંધિત ઉપાયો:

⇨ સાવધાની અને સાવચેતી / સ્ત્રી શિક્ષિત થઈ છે પરંતુ પોતાના હકો અંગે જાગ્રત થઈ નથી.

⇨ પરંપરાગત માનસમાં બદલાવ લાવવો.( મારે ભણીને શું કામ?)

⇨ કાયદાકીય રીતે મળતા હકોથી સભાન રહેવું- કાનૂની સલાહ લેવી, સહન કરવાના સ્થાને અન્યાય સામે પ્રતિકાર કરવાની માનસિકતા કેળવવી પડશે.(દહેજ, બાળલગ્ન, વેશ્યાવૃત્તિ, બહુપતિપ્રથા, ભ્રુણહત્યા, બળાત્કાર (મહિલા સેલ, મહિલા પોલીસ સ્ટેશન)

⇨ છેડતીના બનાવોમાં પ્રતિકાર કરવો(પોતાના વર્તન, વાણી અને પહેરવેશ અંગે સભાનતા)

✲ શાળાઃ ( શિક્ષણ એ પરિવર્તનનું એક માધ્યમ છે) સ્ત્રી ઉત્કર્ષ અંગેની ભલામણોનો લાભ લેવો જોઈએ

⇨ સ્ત્રીઓની સમસ્યા અંગે પાઠ્યક્રમો તૈયાર કરવા

⇨ કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ મહિલા આયોગ અને યુનિ. કક્ષાએ વિમેન ડેવલપમેન્ટ સેલ – તેના કાર્યક્રમો વિસ્તારવા , લાભ લેવો.

⇨ વ્યક્તિત્વ અને ચારિત્ર્ય ઘડતરની તાલીમ આપવી, ઘટના બને તેવા સંજોગોમાં કાનૂની કાર્યવાહી કરવી.

⇨ છોકરીઓના સ્વાસ્થ્ય અંગે અલગ સુવિધા

⇨ પોલીસ દ્વારા કેટલીક હેલ્પલાઈન જેનો પ્રચાર અને પ્રસાર કરવામાં આવે.

<u>કુટુંબઃ સ્ત્રી અને પુરૂષ વચ્ચે સભાનતાનો અભિગમ કેળવવો</u>

⇨ દહેજ, બાળલગ્ન,અટકાવવા

⇨ સ્ત્રી શિક્ષણ અને વ્યવસાયની તકો પૂરી પાડવી, પ્રોત્સાહન આપવું, તેમના (વિધવા)પ્રત્યે માનવીય અભિગમ કેળવવો

⇨ લગ્ન બાબતે વ્યક્તિગત પસંદગી આપવી.તેમને મળતા હકો પૂરા પાડવા (મિલકત), નિર્ણય લેવામાં સહભાગી બનાવવી (ઘર આંગણે તેને સહાનુભૂતિ, સુરક્ષા અને સલામતી પૂરી પાડવી ) આત્મવિશ્વાસ કેળવવો.

⇨ <u>સમાજઃ</u> સમાજે સુધારવાદી મૂલ્યોનું પ્રસ્થાપન કરવું. પરંપરાગત ખ્યાલો દૂર કરવા

⇨ સ્ત્રી શિક્ષણને ઉત્તજન આપવું, હોસ્ટેલ સુવિધા, આર્થિક સહાય- બિરદાવવી

⇨ કુરિવાજોને ખુલ્લા પાડવા ,નારી સંરક્ષણ અને સલાહ કેન્દ્રોનો સહયોગ આપવો.

⇨ જરૂરિયાતવાળી સ્ત્રીને પ્રેમ અને હૂંફ પૂરુ પાડવું.